ભા.કૃ.અનુ.પ.- મગફળી સંશોધન નિદેશાલય

જુનાગઢ, ગુજરાત-૩૬૨૦૦૧

# ચોમાસું મગફળી માં પેકલોબ્યુટ્રાઝોલ ના છંટકાવ થી ઉત્પાદકતા અને નફાકારકતા માં વૃદ્ધિ

**પ્રસ્તાવના :** ચોમાસું મગફળી ના વાવેતર બાદ અને ઉગ્યા પછી જો વરસાદ વધારે પડે અને સતત વાદળછાયું વાતાવરણ રહે તો છોડની વાનસ્પતિક વૃદ્ધિ ખુબ જ થાય છે જેના પરિણામે છોડની ઉંચાઈ ખુબ વધી જાય છે જેથી ફૂલોની તથા સુયાની અને ડોડવાની સંખ્યા પર વિપરીત અસર પડે છે. ફૂલ મોડા ઉઘડે છે અને એકસાથે આવતા નથી આથી ડોડવાનું કદ એકસરખું મળતું નથી અને ડોડવા એકસાથે પરિપક્વ પણ થતા નથી, જેથી મગફળીનું ઉત્પાદન પણ ઘટે છે અને બજારભાવ પણ સારા મળતા નથી. છોડની વાનસ્પતિક વૃદ્ધિ અટકાવવા માટે અને વધુ ઉત્પાદન મેળવવા માટે મગફળી સંશોધન નિદેશાલય જુનાગઢ ખાતે પ્રયોગો કરવામાં આવ્યા હતા. અને આ પ્રયોગો ના સકારાત્મક પરિણામો મળેલા છે. જે પરિણામો ને જુનાગઢ તાલુકા ના બીલખા ગામના ખેડૂતો એ નિહાળેલા છે અને પોતાના ખેતર ઉપર અપનાવેલા પણ છે. આ પ્રયોગ માં પેકલોબ્યુટ્રાઝોલ નામના રસાયણ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ખૂબ સારા પરિણામો જોવા મળેલ છે. આ પ્રયોગની સંપૂર્ણ વિગતો આપણે પ્રશ્નોતરી ના રૂપ માં સમજીશું

૧. પેકલોબ્યુટ્રાઝોલ શું છે ?

**પેકલોબ્યુટ્રાઝોલ એક રસાયણ છે જે છોડ માં હોર્મોન તરીકે કામ કરે છે**

૨. શુ કામ ઉપયોગ કરવો જોઈએ ?

**પેકલોબ્યુટ્રાઝોલ છોડમાં વૃદ્ધિ અવરોધક તરીકે કામ કરે છે આથી વધુ પડતો વાનસ્પતિક વિકાસ અટકાવવા તેનો ઉપયોગ થાય છે.**

Scanned with CamScanner

૩. મગફળી માં ક્યારે અને કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ ?

ચોમાસું મગફળી ૨૫ થી ૩૦ દિવસની થાય ત્યારે પેકલોબ્યુટ્રાઝોલ ( ૧૦૦ પી.પી.એમ.) પ્રમાણે છંટકાવ કરવો જોઈએ .

૪. બજારમાં ક્યાં નામે મળે છે ? અને કેટલા પ્રમાણ માં છંટકાવ કરવો જોઈએ ?

બજારમાં પેકલોબ્યુટ્રાઝોલ જુદા જુદા નામે મળે છે. દા.ત. કલટાર, સેલ સ્ટાર વગેરે . ૧૫ લીટર ના પંપ માં ૫ મીલી લીટર પ્રમાણે સંપૂર્ણ છોડ ભીંજાય જાય તેમ છંટકાવ કરવો જોઈએ

૫. પ્રતિ હેક્ટર કેટલો ખર્ચ આવે છે તથા કેટલો આર્થિક ફાયદો થાય છે?

પ્રતિ હેક્ટર પેકલોબ્યુટ્રાઝોલ છંટકાવ નો અંદાજીત ખર્ચ રૂપિયા ૨૦૦૦ જેટલો આવે છે અને પ્રતિ હેક્ટર ચોખ્ખો નફો રૂપિયા ૧૦૦૦૦-૨૫૦૦૦ જેટલો થાય છે



ચિત્ર ૧ . પેકલોબ્યુટ્રાઝોલ ના છંટકાવ વગર ના છોડની વૃદ્ધિ



ચિત્ર ૨ . પેકલોબ્યુટ્રાઝોલ ના છંટકાવ બાદ છોડની વૃદ્ધિ

સંશોધન તથા સંકલનકર્તા: ડો.રામ અવતાર જાટ, શ્રી પી.વી.ઝાલા , ડો. કિરણ કુમાર રેડ્ડી

Scanned with CamScanner